# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૬ (B) તા.૩૧-૮-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય : બિન તાલીમી શિક્ષકોએ તા.૩૧/૩/૨૦૧૯ સુધીમાં તાલીમ મેળવી લેવા બાબત.**

**સંદર્ભ : ૧. નિયામકશ્રીનો પત્રક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૮૫૨૩-૮૬૦૮ તા.૨૪/૦૮/૨૦૧૭.**

**૨. શિક્ષણ વિભાગના પત્રક્રમાંકઃ પીઆરઈ/૧૧૨૦૧૭/૧૪૧૧/ક તા.૧૧/૦૮/૨૦૧૭.**

**૩. નિયામકશ્રીનો પત્રક્રમાંકઃ પ્રાશિનિ/નિતી/૨૦૧૭/ક ૭૮૭૨-૭૯૫૯ તા.૧૮/૮/૨૦૧૭.**

આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા બિન તાલીમી શિક્ષકોએ આર.ટી.ઇ. એક્ટ-૨૦૦૯ ની કલમઃ૨૩(૨)ની જોગવાઇઓ મુજબ તા.૩૧-૩-૨૦૧૯ સુધીમાં તાલીમ મેળવી લેવાની રહે છે. બિન તાલીમી શિક્ષકોએ તાલીમ મેળવવા માટે કરવાની થતી કાર્યવાહી અંગેની વિગતો અત્રેની કચેરીએ આપવાની રહેશે.

આ સાથે સામેલ તા.૨૪-૮-૨૦૧૭ના પ્રા.શિ.નિયામકશ્રીના કચેરીના પત્રમાં જણાવેલ વિગતે સમયમર્યાદામાં બિનતાલીમી શિક્ષકોએ તાલીમ મેળવવા ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી, તેની જાણ અત્રેની કચેરીએ હેડક્લાર્ક બ્રાંચમાં કરવાની રહેશે. આ પરિપત્રની નકલ તમારા શાળાના બીન તાલીમી શિક્ષકોને નોંધ લેવડાવીને અચૂક આપશો અને તેની નોંધ શાળા દફતરે રાખશો.

તા.૩૧-૮-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

તાત્કાલિક

કમાંકઃપ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/ ૮૫૨૩-૮૬૦૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન, બ્લોકનં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર તાઃ ૨૪/૦૮/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ.
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ.

વિષયઃ- બિનતાલીમી શિક્ષકોએ તા.૩૧/૩/૨૦૧૯ સુધીમાં તાલીમ મેળવી લેવા બાબત. . .
સંદર્ભઃ- (૧) શિ.વિ.ના પત્ર કઃ પીઆરઇ/૧૧૨૦૧૭/૧૪૧૧/ક, તા.૧૧-૮-૨૦૧૭
(૨) આ કચેરીનાં પત્ર કઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૭૮૭૨-૭૯૫૯, તા.૧૮-૮-૨૦૧૭

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના સંદર્ભ ૧)ના પત્રથી જણાવ્યા મુજબ રાજયમાં આવેલી તમામ જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ તથા ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા બિનતાલીમી શિક્ષકોએ આરટીઇ એકટ-૨૦૦૯ ની કલમ-૨૩(૨) ની જોગવાઇઓ મુજબ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં તાલીમ મેળવી લેવાની રહે છે. બિનતાલીમી શિક્ષકોએ તાલીમ મેળવવા માટે કરવાની થતી કાર્યવાહીની વિગતો પણ આપને આ કચેરીના સંદર્ભ-૨ના પત્રથી જણાવવામાં આવેલ છે. (ઉકત બંન્ને પત્રની નકલ જાણ સારુ સામેલ છે.)

૧.આપના જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તક ફરજ બજાવતા તમામ બિનતાલીમી શિક્ષકોને શિક્ષણ વિભાગના તા.૧૧-૮-૨૦૧૭ ના પત્ર તથા આ કચેરીના તા.૧૮-૧-૨૦૧૭ ના પત્રની નકલ મોકલી આપી તેની સબંધિત શિક્ષકની સહી મેળવી લેવાની રહેશે

૨. આવા બિનતાલીમી શિક્ષકો તાલીમ લેવાથી વંચિત ન રહે તે અંગેની કાળજી આપની કક્ષાએથી લેવાની રહેશે.

૩. તા.૩૧-૩-૨૦૧૯ સુધી જો બિનતાલીમી શિક્ષકો તાલીમ નહી મેળવે તો આવા શિક્ષકોને નોકરીમાંથી છુટા કરવામાં આવશે તે અંગની જાણ તમામ બિનતાલીમી શિક્ષકોને કરવાની રહેશે.

૪. બિનતાલીમી શિક્ષકોને તાલીમ મેળવવા માટે તા.૧૫/૯/૨૦૧૭ સુધી NIOS (National Institute Of Open Schooling) માં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૫. તાલીમ મેળવવા માટે કરવામાં આવતા રજીસ્ટ્રેશનની એન્ટ્રી દરરોજ ગુગલ ફોર્મેટમાં કરવાની રહેશે.

૬. આપના જિલ્લા હસ્તકની તમામ સ્વનિર્ભર શાળાઓની મીટીંગ કરી સંચાલકો તથા આચાર્યોને સરકારના પત્રોની નકલો આપની કક્ષાએથી આપી જરૂરી કાર્યવાહી સમયમર્યાદામાં કરવાની રહેશે.

૭. આ બાબતમાં શિ.વિ.ના તા.૧૦-૮-૨૦૧૭ ના ઠરાવથી શ્રી ટી.એસ.જોષી –નિયામકશ્રી જીસીઇઆરટીની નોડલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. ઉકત ઠરાવની નકલ આ સાથે સામેલ છે. આ બાબતમાં કોઇ પુછપરછ કરવાની જરૂર જણાય તો કચેરીના ફોન નં.૦૭૯૨૩૨૫૬૮૦૮ મોબાઇલ નં.૯૯૦૯૯૭૧૬૩૮ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

વધુમાં આપના જિલ્લામાં નિયત સમયમર્યાદામાં આવા બિનતાલીમી શિક્ષકો તાલીમ લેવાથી વંચિત રહેશે તો તે અંગે આપની અંગત જવાબદારી ગણવામાં આવશે જેની નોંધ લેશો.

(ડી.એમ. આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ-
નાયબ સચિવશ્રી, (પ્રા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

C:\Users\acer\Desktop\2017\K-NITI\Dpeo Letter .docx 73

Appointment of State Coordinator-Nodal Officer to facilitate training of untrained in-service elementary teachers in the Govt./Govt. Aided/Unaided Private Schools in Gujarat.

Government of Gujarat,
Education Department,
5, Sardar Bhavan, 7th Floor,
Gandhinagar-382010.
No.PRE/112017/1411/K.
10th August, 2017.

Read : (1) Amendment to Section 23(2) of the RTE Act, 2009.

(2) D.O.No.17-2/2017-EE.17 dated the 3rd August, 2017 from the Additional Secretary (EE.II), Department of School Education & Literacy, MHRD, New Delhi.

RESOLUTION :

As per the provisions of Section 23(2) of the RTE Act, 2009 the untrained in-service elementary teachers in the Govt./Govt. Aided/Unaided Private Schools have to acquire the requisite minimum professional qualifications as prescribed by the NCTE within five years of implementation of the Act. Now, as per the amendment to the Section 23(2) of the RTE Act, the period for such untrained in-service elementary teachers to acquire the requisite minimum professional qualifications as teachers has been extended up to 31st March, 2019. A broad strategy to complete the training of all such in-service untrained teachers by 31st March, 2019 is proposed by MHRD as stipulated in the letter dated 3rd August, 2017 referred above.

To ensure that the training of all in-service untrained teachers is completed by 31st March, 2019 in the State of Gujarat, following officer is appointed as State Coordinator and Nodal Officer.

Name and Designation : Dr. T. S. Joshi, Director, Gujarat Council for Educational Research & Training, GCERT, "Vidya Bhavan", Sector No.12, Gandhinagar.

Email id : gcert12@gmail.com

Contact Details : Phone No. +91-07923256808, Mobile No. 99099 71638.

The State Coordinator-Nodal Officer will facilitate conduct of the programme in the State and will be in continuous engagement with MHRD and NIOS.

By order and in the name of the Governor of Gujarat,

(V. T. Mandora)
Deputy Secretary to Government

ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૮૪૩૬-૮૫૨૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૨૪/૮/૨૦૧૭

૨/- નકલ રવાના જાણ તથા શિ.વિ.ના ઉકત ઠરાવ અન્વયે જાણ તથા જરૂર જણાયે આ ઠરાવમાં જણાવ્યા મુજબ સંપર્ક કરી જરૂરી કાર્યવાહી સારૂ.

(ડૉ. એમ. આઇ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ.

તાત્કાલિક

ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૭૮૭૨-૭૯૫૯

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન, બ્લોકનં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર તા: ૧૮/૦૮/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ.
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ.

વિષય:- બિનતાલીમી શિક્ષકોએ તા.૩૧/૩/૨૦૧૯ સુધીમાં તાલીમ મેળવી લેવા બાબત. . .
સંદર્ભ:- શિ.વિ.ના પત્ર ક્ર: પીઆરઇ/૧૧૨૦૧૭/૧૪૧૧/ક, તા.૧૧-૮-૨૦૧૭

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના સંદર્ભપત્રથી રાજયમાં આવેલી તમામ જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ તથા ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા બિનતાલીમી શિક્ષકોએ આરટીઇ એક્ટ-૨૦૦૯ ની કલમ-૨૩(૨) ની જોગવાઇઓ મુજબ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં તાલીમ મેળવી લેવાની રહે છે. આવા શિક્ષકો જો ઉક્ત સમયમર્યાદામાં આવા બિનતાલીમી શિક્ષકો તાલીમ મેળવવામાં નિષ્ફળ રહેશે તો તેઓની નોકરી ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહી. અને તા.૧/૪/૨૦૧૯ પછી તેમને તેમની નોકરીમાંથી દુર કરવાની કાર્યવાહી કરવામાં આવશે, બિનતાલીમી શિક્ષકો તાલીમ મેળવવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) બિનતાલીમી શિક્ષકોને તાલીમ મેળવવા માટે તા.૧૫/૯/૨૦૧૭ સુધી NIOS (National Institute Of Open Schooling) માં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
(૨) બિનતાલીમી શિક્ષકોની પ્રથમ વર્ષની પરીક્ષા જુન-૨૦૧૮ માં લેવામાં આવશે.
(૩) બિનતાલીમી શિક્ષકોની બીજા વર્ષની પરીક્ષા માર્ચ-૨૦૧૯ માં લેવામાં આવશે.
(૪) પરીક્ષા ફી- રૂ.૪૫૦૦/- રહેશે.

આ અંગેની જાણ આપની કક્ષાએથી આવા તમામ બિનતાલીમી શિક્ષકોને કરવાની રહેશે.

(ડો.એમ. આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના:
નાયબ સચિવશ્રી, (પ્રા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

C:\Users\acer\Desktop\2017\K NITI\Opeo Letter .docx 70

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, સાતમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.

---

ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૭/૧૪૨૨/ક.

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૩) શાસનાધિકારીશ્રી, તમામ.

**વિષય :** બિનતાલીમી શિક્ષકોએ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં તાલીમ મેળવી લેવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિનિયમ,૨૦૦૯ ની કલમ ૨૩(૨) હેઠળ કરવામાં આવેલી જોગવાઈ મુજબ નિયત કરવામાં આવેલી શૈક્ષણિક લાયકાત જે શિક્ષકો ધરાવતા નથી, તેવા બિન તાલીમી શિક્ષકોએ કાયદો અમલમાં આવે ત્યારથી પાંચ વર્ષમાં નિયત કરવામાં આવેલી તાલીમ મેળવી લેવાની રહેતી હતી. આ બાબતે માનવ સંસાધન વિકાસ મંત્રાલયના (MHRD) તા.૦૩/૦૮/૨૦૧૭ ના અ.સ.પત્ર ક્ર:- ૧૭-૨/૨૦૧૭-EE.17 થી જણાવવામાં આવેલ છે કે સદરહુ કલમ : ૨૩(૨) માં સુધારો કરવામાં આવેલ છે જે મુજબ હાલમાં ફરજ બજાવી રહેલ બિન-તાલીમી શિક્ષકોએ તાલીમ મેળવી લેવાની સમય મર્યાદા લંબાવવામાં આવી છે અને હવે તેઓએ <u>તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં</u> નિયત તાલીમ મેળવી લેવાની જોગવાઈ કરવામાં આવી છે. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત મેળવવા માટે બિન-તાલીમી શિક્ષકો માટે આ અંતિમ તક આપવામાં આવે છે. જો આવા શિક્ષકો તાલીમ લેવામાં નિષ્ફળ જશે તો તેઓની નોકરી ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહીં તેમજ તા.૦૧/૦૪/૨૦૧૯ પછી તેમને તેમની નોકરીમાંથી બરતરફ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨. હાલમાં જે બિન-તાલીમી શિક્ષકો ફરજ બજાવી રહેલ છે તેઓએ નિયત કરાયેલી લઘુત્તમ લાયકાત મેળવવાની તાલીમ સંબંધે નીચે મુજબના પગલાં લેવાનું પણ માનવ સંસાધન વિકાસ મંત્રાલય(MHRD) દ્વારા સુચવવામાં આવેલ છે.

(i) બિન-તાલીમી શિક્ષકો લંબાવવામાં આવેલી મુદ્દત એટલે કે તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં નિયત કરાયેલી લઘુત્તમ લાયકાત National Institute of Open Schooling (NIOS) મારફત મેળવી લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(ii) હલમાં ફરજ બજાવતા હોય તેવા તમામ બિન-તાલીમી શિક્ષકોએ NIOS ના Open and Distance Learning (ODL) મારફત D.El.Ed. ની લાયકાત મેળવી લેવાનું ફરજીયાત છે.

(iii) લઘુત્તમ લાયકાત મેળવી લેવાની સમય મર્યાદા લંબાવવામાં આવી છે તે અંગે બહોળી પ્રસિદ્ધિ આપવાની રહેશે. આ માટે આપના કાર્યક્ષેત્ર નીચેની સરકારી શાળાઓ, ગ્રાન્ટ-ઈન એઈડ શાળાઓ તેમજ ખાનગી શાળાઓના આચાર્યો/સત્તામંડળોના સંપર્કમાં રહીને કાર્યવાહી કરવાની રહેશે.

(iv) બિન-તાલીમી શિક્ષકોને પણ આ અંગે જાણકારી આપવાની રહેશે અને જો તેઓ લંબાવેલી મુદ્દત એટલે કે તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં લઘુત્તમ લાયકાત મેળવવામાં નિષ્ફળ જશે તો તેમને નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તે બાબત અંગે પણ બહોળી પ્રસિદ્ધિ આપવાની રહેશે.

(v) બિન-તાલીમી શિક્ષકો અંગેનો Data base ઓનલાઇન તૈયાર કરવા માટે NIOS નું પોર્ટલ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(vi) ખાનગી શાળાઓમાં નોકરી કરતા બિન-તાલીમી શિક્ષકોએ જે તે શાળામાં પોતે નોકરી કરે છે તે મતલબનું તેમના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર મેળવીને સરકારને રજૂ કરવાનું રહેશે.

**(vii) બિન-તાલીમી શિક્ષકોના રજીસ્ટ્રેશન <u>તા.૧૬/૦૮/૨૦૧૭ થી તા.૧૫/૦૯/૨૦૧૭ સુધીમાં</u> આચાર્ય/રાજ્ય કક્ષાના કો-ઓર્ડીનેટર મારફત NIOS પોર્ટલ પર કરી દેવાના રહેશે. તા.૧૫/૦૯/૨૦૧૭ સુધીમાં બિન-તાલીમી શિક્ષકોના રજીસ્ટ્રેશન કરાવવામાં નિષ્ફળ જશે તેમને નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.**

(viii) D.El.Ed. માં પ્રવેશ મેળવવા માટેની શૈક્ષણિક લાયકાત એટલે કે ધોરણ-૧૨ માં ૫૦% મેળવેલ ન હોય તેવા બિન-તાલીમી શિક્ષકોએ NIOS મારફત ધોરણ-૧૨ ની પરીક્ષા ફરીથી આપવાની રહેશે અને ૫૦% સાથે ધોરણ-૧૨ પાસ કરવાનું રહેશે. જોકે તેમને D.El.Ed. માં કામચલાઉ ધોરણે એ શરતે પ્રવેશ આપવામાં આવશે કે D.El.Ed. નો અભ્યાસ પુર્ણ કરે તે અગાઉ તેઓએ ૫૦% મેળવીને ધોરણ-૧૨ પાસ કરવાનું રહેશે. ૫૦% મેળવીને ધોરણ-૧૨ પાસ કરેલ હશે માત્ર તેવા બિન-તાલીમી શિક્ષકોને જ D.El.Ed. નું પ્રમાણપત્ર આપવામાં આવશે.

**(ix) બિન-તાલીમી શિક્ષકો NIOS દ્વારા તૈયાર કરાયેલ SWAYAM ઓનલાઇન પોર્ટલ પરથી નિઃશુલ્ક માહિતી મેળવી શકશે. D.El.Ed. માટે આવશ્યક છે તેવી રૂબરૂ મુલાકાતો (Physical Contact Programme) અંગેના કાર્યક્રમ માટે NIOS અલગ રીતે વ્યવસ્થા કરશે.**

(x) જો ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં બિનતાલીમી શિક્ષકો હોય તો તેઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અથવા ઈંદીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સીટીમાંથી બી.એડ. નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

૩. ઉક્ત વિગતે દર્શાવેલ સમયમર્યાદા બાદ કોઈપણ શાળા કોઈપણ બિનતાલીમી શિક્ષકને પોતાની સંસ્થામાં ચાલુ રાખી શકશે નહીં અને જો તેમ કરવામાં આવશે તો આર.ટી.ઇ.એક્ટ-૨૦૦૯ ની કલમ-૨૩ નો ભંગ ગણી સંબંધિત સંસ્થા સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. આમ, આ અંગેની જાણ આપના તાબા હેઠળની તમામ સરકારી/ગ્રાન્ટેડ/સ્વ-નિર્ભર શાળાઓને કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(વિ.ટી.મંડોરા)

ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૭૯૬૦-૮૦૪૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા.૧૮/૮/૨૦૧૭

૨/- નકલ રવાના જાણ તથા શિ.વિ.ના ઉકત પત્ર અન્વયે જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(ડૉ. એમ. આઇ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, સાતમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.

ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૭/૧૪૧૧/ક.
તારીખ : ૧૧/૦૮/૨૦૧૭.

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૩) શાસનાધિકારીશ્રી, તમામ.

**વિષય :** બિનતાલીમી શિક્ષકો બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિનિયમ,૨૦૦૯ ની કલમ ૨૩(૨) હેઠળ કરવામાં આવેલી જોગવાઇ મુજબ નિયત કરવામાં આવેલી શૈક્ષણિક લાયકાત જે શિક્ષકો ધરાવતા નથી, તેવા બિન તાલીમી શિક્ષકો (Untrained) એ કાયદો અમલમાં આવે ત્યારથી પાંચ વર્ષમાં નિયત કરવામાં આવેલી તાલીમ મેળવી લેવાની રહેતી હતી. આર.ટી.ઇ. એક્ટની આ કલમ : ૨૩(૨) માં હવે સુધારો કરવામાં આવેલ છે જે મુજબ હાલમાં સરકારી/ગ્રાન્ટેડ/સ્વ-નિર્ભર પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવી રહેલ તમામ બિન-તાલીમી શિક્ષકોએ NCTE એ નિયત કર્યા મુજબની તાલીમ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં મેળવી લેવાની જોગવાઇ કરવામાં આવી છે. જો આવા શિક્ષકો તાલીમ લેવામાં નિષ્ફળ જશે તો તેઓની નોકરી ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહીં તેમજ તા.૦૧/૦૪/૨૦૧૯ પછી તેમને તેમની નોકરીમાંથી બરતરફ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨. ઉક્ત વિગતોના પરિપ્રેક્ષ્યમાં રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને તમામ શાસનાધિકારીશ્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેમના તાબા હેઠળની આવી શાળાઓમાં હાલમા આવા કેટલા બિન તાલીમી શિક્ષકો (Untrained) છે તેની ચોક્કસ આંકડાકીય માહિતી તૈયાર કરીને દિન-૧૦ માં આ વિભાગને રજૂ કરવી.

૩. આ બાબતે કેન્દ્ર સરકારના માનવસંસાધન વિકાસ મંત્રાલય વિભાગને અહેવાલ રજૂ કરવાનો હોઇ આ કામગીરીને ટોચ અગ્રતા આપવા પણ વિનંતી કરવામાં આવે છે.

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ.

ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૮૦૪૫ - ૮૨૩૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૧૮/૮/૨૦૧૭

૨/- નકલ રવાના જાણ તથા શિ.વિ.ના ઉકત પત્ર અન્વયે જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.

(ડો. એમ. આઇ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ.